# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ – ૨૦૨૪

- આજે ગુજરાત વિધાનસભામાં બજેટ સત્રના છેલ્લા દિવસે ધાનેરાના લોકપ્રિય ધારાસભ્યશ્રી માવજીભાઈ દેસાઈએ નિયમ-૧૦૨ હેઠળ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ વિશે પ્રસ્તાવ રજૂ કર્યો છે.
- ત્યારબાદ માન.ધારાસભ્યશ્રી રમેશભાઈ, શ્રી મહેશભાઈ અને શ્રી પ્રવિણભાઈએ તેના સમર્થનમાં અને માન.ધારાસભ્યશ્રીઓ …………, …………, …………, એ તેના વિરોધમાં પોતાના વિચારો રજૂ કર્યા.

- સૌ પ્રથમ આપણા આ ગૃહને વિનંતી કરું છું કે, વાઈબ્રન્ટ ગુજરાતના વિચારબીજને રોપનાર અને ગુજરાતમાં તેને વટવૃક્ષ સમાન વિકસાવનાર આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને આ બાબતે આપણે સૌ અભિનંદન આપીએ. તેઓની દૂરંદેશી અને સફળ આગેવાનીથી ગુજરાતે વિકાસની આ ઐતિહાસિક યાત્રા ઉપર હરણફાળ ભરી છે.
- એ પછી બીજા અભિનંદન, હું આ સરકારના વડા, અમારા માર્ગદર્શક, સતત અને સર્વાંગી વિકાસની યાત્રા ઉપર ગુજરાતની આગેવાની કરતાં મક્કમ અને પ્રેમાળ આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબને આપું છું, કે તેમની આગેવાનીમાં "દસમી વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૨૪ ની ગ્લોબલ સમિટ" નું સફળ આયોજન થયું.

- ૨૦ વર્ષ પહેલાં આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ ખૂબ જ નાના પાયે વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી હતી.
- એક રીતે કહું તો, ૨003 માં યોજાયેલ વાઈબ્રન્ટ સમિટ એ ગુજરાત સરકારનું વિકાસ ક્ષેત્રે નવીન વિચારધારાવાળું "સૌથી પહેલું સ્ટાર્ટઅપ હતું".
- આ સ્ટાર્ટઅપ વિકસીને આજે વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત, વિશ્વાસપાત્ર અને લોકો જેની આતુરતાથી રાહ જોતા રહે તેવી મહત્વની ઈવેન્ટ બની છે.

- પારદર્શકતા, નીતિગત સુધારા અને સરકારની સક્રિયતાનું ઉત્તમ ઉદાહરણ ગુજરાતે આપ્યું છે.
- ર૦03 માં પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ યોજાઈ હતી, તેની વાત કરું તો,
  1. માત્ર 3000 ચોરસ મીટરના વિસ્તારમાં 3૬ સ્ટોલના ટ્રેડ શો,
  2. માત્ર ૧૨૫ વિદેશી ડેલીગેટ્સ,
  3. ૨૦૦ એન.આર.આઈ., ................ ૨૦૦ મહેમાનો અને
  4. ૧000 વ્યક્તિઓની ભાગીદારીથી શરૂ થઈ હતી.
  5. ૬૬, 000 કરોડ રૂપિયાના મૂડીરોકાણ માટે ૮૦ એમ.ઓ.યુ. થયા હતા.
- આ ગૃહને જણાવવા માંગુ છું કે, પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત નવરાત્રિના દિવસોમાં થઈ હતી અને જ્યારે કોઈ પણ શરૂઆત "માં શક્તિ" ને સ્મરણ કરીને કરવામાં આવે તો તેની સફળતા મળવાની ગેરેંટી ૧૦૦% વધી જાય છે.
- ભક્તિના પાવન દિવસોમાં વાઈબ્રન્ટ ગુજરાત રૂપી વાવેલ "બીજ" ને ૨૦ વર્ષોમાં વિકસવા માટે તમામ સુવિધાઓ મળી અને આપણે સૌ જાણીએ છીએ તેમ તાજેતરમાં એટલે કે જાન્યુઆરીમાં યોજાયેલ દસમી વાઈબ્રન્ટ સમિટ એ "વિશાળ વટવૃક્ષ" બન્યું છે.
- ર૦03 થી ૨૦૨૪ સુધી યોજાયેલ ૧૦ સમિટોમાં ગુજરાત સાથે ભાગીદાર બનનારા દેશોની સંખ્યા, વિદેશી ડેલીગેટ્સની સંખ્યા, એમ.ઓ.યુ.ની સંખ્યા અને રોકાણની રકમ વધી તથા નવા ક્ષેત્રો ખુલ્યા છે.
- આ ૨૦ વર્ષની ગુજરાતની વિકાસયાત્રા દરમિયાન ગુજરાતમાં ઉત્તમ આંતરમાળખાકીય સુવિધાઓ બની, શિક્ષણના નવા કેન્દ્રો ખુલ્યાં, અને સામાજિક – આર્થિક તથા સંસ્થાગત પરિવર્તનો થયા.
- તેના પરિણામે ભારતના વિકાસમાં ગુજરાતનું પ્રદાન વધ્યું છે :
  1. ભારતના જીડીપીમાં અંદાજે ૮.૪ % ફાળો ગુજરાતનો છે.
  2. ૨૦૨૨-૨૩માં ભારતની કુલ નિકાસ - અંદાજે 33 % . તેની કુલ રકમ ૨૨ (બાવીસ) લાખ કરોડ રૂપિયા જેટલી છે.

3. ભારતના **ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૮ % ગુજરાત**

4. ભારતની **ફેક્ટરીઓમાં ૧૧%** ગુજરાતમાં,

5. આજે **ભારતનો બેરોજગારી દર ૩.૨ ટકા** છે, જ્યારે **ગુજરાતમાં ૧.૭ ટકા** છે.

વિવિધ ક્ષેત્રે ગુજરાતના રેન્કીંગની વાત કરું તો,

- **સ્ટાર્ટ-અપ રેંકીંગ**માં છેલ્લા **ચાર** વર્ષથી ગુજરાત **બેસ્ટ પરફોર્મર**
- **લોજીસ્ટીક રેંકીંગમાં** ગુજરાત **પ્રથમ સ્થાને** છે.
- **રોજગારી આપવામાં** ગુજરાત **પ્રથમ નંબરે**. ૨૦૨૧ માં રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા **૮૪.૫ ટકા પ્લેસમેન્ટ** આપ્યું છે.
- **વ્યાપાર કરવાની સરળતામાં** (ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ)માં ભારતમાં **બીજું** સ્થાન ધરાવે છે.
- **સીધું વિદેશી મૂડી રોકાણ** મેળવવામાં ગુજરાત સમગ્ર દેશમાં **ત્રીજા સ્થાને** છે.
- **ઉદ્યમ રજીસ્ટ્રેશન**માં સમગ્ર દેશમાં ગુજરાત **પાંચમા ક્રમે**.
- વિશ્વની **૫૦૦ ફોર્ચ્યુન** કંપનીઓ પૈકી **૧૦૦ થી** વધુ કંપનીઓના એકમો ગુજરાતમાં છે.
- **૧૫ લાખથી વધુ એમ.એસ.એમ.ઈ.** એકમોમાં **૯૧ લાખ થી વધુ લોકો** રોજગારી મેળવી રહ્યાં છે.
- **૧૮ વિભાગોની ૨૦૦થી વધુ અરજીઓ ઓનલાઈન** તથા **૨૦ થી વધુ સેકટર સ્પેસિફિક નિતીઓ** અમલમાં મુકી છે.
- આ તમામ કારણે જ ગુજરાત **ભારતનું ગ્રોથ એન્જિન**, **મેન્યુફેક્ચરિંગ હબ**, **રોલ મોડલ** અને **રોકાણ માટે પસંદગીનું પહેલું સ્થાન** તરીકે સ્થાપિત થયું છે.
- છેલ્લા ૨૦ વર્ષોમાં **૫૫ મિલિયન યુએસ ડોલર** થી વધુ એફ.ડી.આઈ આવ્યુ અને **પ્રતિ વ્યક્તિ વાર્ષિક આવક ૧૮,૩૯૨ (અઢાર હજાર ત્રણ સો બાણું)** રૂપિયાથી વધીને **૨,૭૩,૫૫૮ (બે લાખ તોત્તેર હજાર પાંચસો અઠ્ઠાવન) રૂપિયા** થઈ છે.

- આપણા ગુજરાતમાં
- ગીફ્ટ સીટી
- ધોલેરા
- ડ્રીમ સીટી
- માંડલ બેચરાજી સર
- પી.સી.પી.આઈ.આર................ જેવા નવા આયામો શરૂ થઈ ચૂક્યા છે.

આ ઉપરાંત
- પી.એમ. મિત્રા ટેક્ષટાઈલ પાર્ક
- બલ્ક ડ્રગ પાર્ક
- ડાયમંડ બુર્સ
- મેડીકલ ડીવાઈસ પાર્ક
- સિરામિક પાર્ક ......................દ્વારા નવા ક્ષેત્રોમાં રોજગારી, કૌશલ્ય અને ઉત્પાદનની નવી પ્રથાઓને વેગ મળશે.

"વાઈબ્રન્ટ ગુજરાત – વાઈબ્રન્ટ ડીસ્ટ્રીક્ટ"
- આ વખતે માનનીય પ્રધાનમંત્રીશ્રીની પ્રેરણા અને માર્ગદર્શનથી ગુજરાતે એક નવી પ્રણાલી વિકસાવી અને તેના ઉપર કામ કર્યુ.
- રાજ્યમાં ઉદ્યોગોના વિકાસ મારફતે સામાજીક, આર્થિક, શૈક્ષણીક અને સમતોલ વિકાસ કરવો એ અમારું ધ્યેય છે.
- રાજ્યનો એક પણ જિલ્લો ઉદ્યોગના વિકાસની આ યાત્રામાં પાછળ ન રહી જાય એ માટે ગત વર્ષે ૨૦૨૩ માં "ગાંધી જયંતિ" થી "સરદાર જયંતિ" સુધીના સમયગાળામાં ગુજરાતના ૩૨ જિલ્લાઓમાં "વાઈબ્રન્ટ ગુજરાત – વાઈબ્રન્ટ ડીસ્ટ્રીક્ટ" ના કાર્યક્રમો આપણી મુખ્ય ઈવેન્ટ પહેલાં યોજાઈ ગયા.
- તેમાં સ્થાનિક ઉદ્યોગકારો, એમ.એસ.એમ.ઈ. કંપનીઓ અને ગુજરાતના નવોદિત યુવા ઉદ્યોગકારોએ ઉત્સાહભેર ભાગ લીધો.

- આ કાર્યક્રમોમાં **૨૫૦૦૦ થી વધુ સ્થાનિક ઉદ્યોગકારો**એ પ્રત્યક્ષ રીતે ભાગ લીધો.
- તેમાં **૨૬૧૪ જેટલાં એમ.ઓ.યુ.** થયા.
- જેના મારફતે **૪૫૦૦૦ કરોડથી વધુના** મૂડીરોકાણ થયા.
- સ્થાનિક કક્ષાએ **૧,૭૦,૦૦૦** થી **વધુ** લોકોને **રોજગારીના અવસરો પ્રાપ્ત** થશે.
- આ કાર્યક્રમથી **"વન ડિસ્ટ્રીક્ટ, વન પ્રોડક્ટ" ના ધ્યેયને સિદ્ધ** કરવા પણ અમારી સરકારે કામગીરી કરેલ છે.
- આ જ દર્શાવે છે, કે **ગુજરાતની જનતાને અમારી સરકાર ઉપર સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે**.

## પ્રિ-સમિટ અને સેમિનાર :

- વાઈબ્રન્ટ ગુજરાત પહેલાં **૨૦ જેટલાં પ્રિ.વાઈબ્રન્ટ સમિટ સેમિનાર** યોજવામાં આવ્યા હતા.
- **૧૧ નેશનલ રોડ શો** દરમિયાન **૧૨૭ જેટલી વન-ટુ-વન બેઠકો** યોજાઈ હતી.
- **૦૭ આંતરરાષ્ટ્રીય ડેલિગેશન દ્વારા આંતરરાષ્ટ્રીય** કક્ષાએ વાઈબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમો યોજીને ગુજરાતમાં નવી સંભાવનાઓ અંગે વિશ્વને જણાવવામાં આવ્યું.
- ૨૦૨૦ થી ૨૦૨૩ સુધીના ૪ (ચાર) વર્ષ સુધી વાઈબ્રન્ટ ગુજરાત યોજી ન શક્યા... પરંતુ રાજ્ય સરકાર સાથે કંપનીઓના એમ.ઓ.યુ. અને ગુજરાતની વિકાસયાત્રા સતત અને એકધારી ચાલુ જ રહી હતી.
- જો કે, **નવરાત્રિમાં શરૂ થયેલ પ્રથમ** સમિટ પછી **સળંગ ૯ સમિટ યોજાઈ** હતી. તેની સફળતાની વાત કરું તો આ **તમામ સમિટોમાં થયેલ એમ.ઓ.યુ.ના ૭૦% થી વધુ પ્રોજેક્ટ સફળતા પૂર્વક શરૂ** થયા.

આ વર્ષે યોજાયેલી **દસમી વાઈબ્રન્ટ ગુજરાત** સમિટની વાત કરું તો,

- આઝાદીના **અમૃત કાળ દરમિયાન યોજાયેલી આ પહેલી વાઈબ્રન્ટ સમિટ** હતી.
- " ગેટ વે ટુ ધ ફ્યુચર " ની થીમ ઉપર યોજાયેલ આ ઈવેન્ટમાં

1. **૦૪ દેશોના રાષ્ટ્ર અધ્યક્ષ..................૪૦ દેશોના મંત્રીશ્રીઓ,**
2. **૧૪૦ થી વધુ દેશોના પ્રતિનિધિ મંડળ અને ૬૧,૦૦૦ થી વધુ મુલાકાતીઓ**
3. **૩૫ દેશોએ અને ૧૬ જેટલી સંસ્થાઓ ભાગીદાર બની હતી.**
4. **૨,૦૦,૦૦૦ (બે લાખ) ચોરસ મીટરથી વધુ વિસ્તારના ટ્રેડ શો માં ૧૨૦૦(બારસો) થી વધુ સ્ટોલ** રખાયા હતા.
5. **૩૬ દેશોના કન્ટ્રી સેમિનાર અને ૧૩ રાજ્યોના સ્ટેટ સેમિનાર** યોજ્યા.
6. **૨૧ જેટલા સેક્ટર સ્પેશિફીક** સેમિનાર થયા.
7. સમગ્ર ઈવેન્ટ દરમિયાન અને **૩૧, જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં** કુલ **૯૮,૯૬૪ (અઠ્ઠાણું હજાર નવસો ચોસઠ)** એમ.ઓ.યુ. થયા.
8. ગુજરાતમાં કુલ **૪૭ લાખ કરોડથી** વધુ રૂપિયાના **મૂડીરોકાણો** દ્વારા **૮૧ લાખ થી વધુની રોજગારીનું** સર્જન કરવાની કટિબદ્ધતા બતાવી છે.
9. **વેન્ડર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ** દ્વારા ખરીદનાર અને વેચનારને એક પ્લેટફોર્મ ઉપર લાવવામાં આવ્યા. જેનાથી વધુ ઉત્તમ તક અને વિકલ્પ તેઓને પ્રાપ્ત થયા. **૧૫ થી વધુ એવી કંપનીઓએ તેમાં ભાગ લીધો કે જેઓ સંયુક્ત રૂપે વાર્ષિક રૂ.૧૦,૦૦૦ કરોડનો ખરીદી પ્લાન ધરાવે** છે.
10. **રીવર્સ બાયર – સેલર મીટમાં ૯૦ થી વધુ વિદેશી બાયર્સે ભાગ લીધો.**
11. **૭૫૦૦ થી વધુ "બી ટુ બી" બેઠકો યોજાઈ હતી.**
12. **નાના** અને **એમ.એસ.એમ.ઈ ઉદ્યોગો**ને વિકસવાની ઉત્તમ તકો પ્રાપ્ત થઈ.
13. કુલ **૭૭ જેટલી ઈવેન્ટમાં અંદાજે ૧,૩૧,૯૪૩ લોકોએ** રજીસ્ટ્રેશન કરાવ્યા હતા અને ભાગ લીધો હતો.
14. **૩૫૦૦ થી વધુ ઈન્ટરનેશનલ ડેલિગેટ** તેમાં સહભાગી થયા હતા.

15. **આ ઈવેન્ટમાં**

**રીન્યુ એબલ એનર્જી,**
**ગ્રીન હાઈડ્રોજન,**
**બાયોટેકનોલોજી,**
**ઈલેક્ટ્રીક મોબીલીટી,**
**એ.આઈ,**
**રોબોટિક્સ,**
**ડ્રોન,**
**થ્રી.ડી. પ્રિન્ટીંગ,**
**સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ,**
**એરોસ્પેસ** ........ જેવા **નવા ઉભરતા ક્ષેત્રોને પણ પ્રોત્સાહન** આપેલ છે.

- આ સમિટ મૂડી**રોકાણ**ની સાથે **જ્ઞાન અને ટેકનોલોજીના આદાનપ્રદાન,** બિઝનેસ નેટવર્કિંગ, સા**માજિક-આર્થિક વિકાસના પ્લેટફોર્મ, વ્યૂહાત્મક ભાગીદારી** અને ભવિષ્યના ભારતના વિકાસની નવી દિશાઓ દર્શાવતી સમિટ સાબિત થઈ છે.
- સમિટ દરમિયાન થયેલ એમ.ઓ.યુ. પૈકી **૫૦% જેટલા** એમ.ઓ.યુ. **ગ્રીન ગ્રોથ અંગેના થયા છે.**

**ગુજરાત એ માર્ગદર્શકની ભૂમિકામાં** :

- ગુજરાતે **બનાવેલા** અને **બતાવેલ** આ માર્ગ ઉપર આજે ભારતના અન્ય રાજ્ય ચાલી રહ્યા છે .
- વાઇબ્રન્ટ ગુજરાતની જેમ સમિટ **અન્ય રાજ્યોમાં યોજાઈ** રહી છે અને ભારતના મોટાભાગના રાજ્યો આ પ્રકારે પોતાની ક્ષમતાઓને વધારી રહ્યાં છે. આ તમામનો **શ્રેય** આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને જાય છે.
- **ભારત હવે ઈનોવેશન અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે** ખૂબ મહત્વના સ્થાને પહોંચ્યું છે.
- **“વિકસિત ભારત સંકલ્પ યાત્રા”** થી **૧૭ પ્રકારની યોજનાઓ**ને દેશના પ્રત્યેક નાગરિકના ઘરના દરવાજા સુધી પહોંચાડવાનો પ્રયાસ થયો ...

- **૨૦૪૭ સુધીમાં** વડાપ્રધાનશ્રી એ ભારતને **વિકસિત, આત્મનિર્ભર અને વૈશ્વિક મહાસત્તા** બનાવવાનો સંકલ્પ સમગ્ર દેશવાસીઓ સમક્ષ મુક્યો છે, ત્યારે ગુજરાત પણ તેમાં પોતાનું યોગદાન આપવા તૈયાર છે.
- **"વિકસિત ભારત સંકલ્પ યાત્રા"** થી **૧૭ પ્રકારની યોજનાઓને** દેશના પ્રત્યેક નાગરિકના ઘરના દરવાજા સુધી પહોંચાડવાનો પ્રયાસ થયો ...
- **જી-૨૦ ના આયોજન** અને તેની **અગત્યની બેઠકો ગુજરાતમાં યોજીને** આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતા કાર્યક્રમો યોજવા ગુજરાત તૈયાર છે, તે દેશ અને દુનિયાને બતાવ્યું છે.
- **"મારી માટી, મારો દેશ"** ના માધ્યમથી ગામડાના પ્રત્યેક ઘરની માટી દિલ્હી સુધી પહોંચી છે, જેના કારણે લોકોના મનમાં રહેલી રાષ્ટ્રભાવનાને વધુ વેગ મળ્યો.
- **ભૂકંપ, પૂર, વાવાઝોડા જેવી કુદરતી આફતો પણ ગુજરાતની આ ગતિને રોકી શક્યા નથી.**
- અત્યારે ભારત વિશ્વની **પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા** છે ત્યારે ભારત માટે આ મહત્વનો સમયગાળો છે, સૌથી વધુ યુવાનો ભારતમાં છે અને તેમને યોગ્ય દિશા આપવાનું કામ આપણે કરવાનું છે.

## સમાપન :

- ભારતને વિકસિત, આત્મનિર્ભર અને વૈશ્વિક મહાસત્તા બનાવવા માટે તમામ રાજ્યોનો સહયોગ અને વિકાસ અનિવાર્ય છે અને તે માટે ગુજરાતે પોતાનો રોડમેપ નક્કી કર્યો છે.
- " સ્ટેટ વિઝન ડોક્યુમેન્ટ ગુજરાત એટ ૨૦૪૭ " જારી કરનાર સમગ્ર ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે. રાજ્યમાં ઔદ્યોગિક, સામાજિક, આર્થિક વિકાસનો આલેખ દેશ સામે મૂક્યો છે અને તેને પૂર્ણ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

  તેમાં

  1. જી.એસ.ડી.પી. ૩.૫ ટ્રીલિયન યુ.એસ. ડોલર કરવાનો,
  2. માથાદીઠ વાર્ષિક આવક ૩૮ થી ૪૩ હજાર યુ.એસ. ડોલર કરવાનો,
  3. રોજગારીમાં નારીશક્તિની હાલની ૪૨ ટકા ભાગીદારીને ૭૫ ટકા કરવાનો,
  4. નેટ ઝીરો એમિશન રાજ્ય બનાવવા

  અને અન્ય વિકાસલક્ષી ઘણાં લક્ષ્યાંકો મૂક્યા છે.
- આ નક્કર આયોજન માટે સરકારના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબને અભિનંદન આપીએ તેટલાં ઓછાં છે.

- **ચરખા થી ચંદ્રયાન**, .....વેદ થી વેગ અને....... ઉપનિષદ થી ઉપગ્રહ ની કલ્પનાઓને સાકાર કરવા અને આગામી ૨૦૪૭ એટલે કે આઝાદીના ૧૦૦ વર્ષ પૂરાં થશે ત્યારે ભારતને વિકસીત દેશ બનાવવાની કલ્પના આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી છે, ત્યારે "આત્મનિર્ભર ગુજરાત થી આત્મનિર્ભર ભારત" તરફ આગળ વધીએ તે બાબતે સૌને અપીલ સહ આમંત્રણ છે.
- ગુજરાતની આ **સર્વાંગી વિકાસની યાત્રા દ્વારા રાજ્ય અને દેશનો વિકાસ કરવાની કટિબદ્ધતા સાથે આ પ્રસ્તાવ લાવનાર ગૃહના સભ્યશ્રી માવજીભાઈ દેસાઈ સહીત સમર્થન કરનાર સૌનો આભાર**.....*****